



# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2021-23 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૦ * * * સંવત ૨૦૭૯ મહા સુદ ચોથ, બુધવાર ૨૫ જાન્યુઆરી, ૨૦૨૩ * * * દૈનિક : ૮૭ - અંક : ૭૫

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦


# BBCની મોદી પરની વિવાદાસ્પદ ડોક્યુમેન્ટરી કેરળમાં જાહેરમાં દર્શાવાઈ

## નાટુ નાટુ બેસ્ટ સોંગ માટે ઓસ્કારમાં નોમિનેટ

**ભારતની** સત્તાવાર ફિલ્મ 'ધ લાસ્ટ શો' બહાર થઈ

**ભારતીય** ડોક્યુમેન્ટરી 'ઓલ ધેટ બ્રીથ્સ' અને 'એલિફેન્ટ વ્હિસ્પર્સ'ને અલગ અલગ વર્ગમાં નોમિનેશન મળ્યું

**આ પ્રથમ** વખત છે કે દેશની 3 ફિલ્મો ઓસ્કારમાં અલગ અલગ વર્ગમાં અંતિમ પાંચમાં પહોંચી



**લોસ એન્જેલિસ, તા. 24 (PTI):** એસ એસ રાજામૌલીની બ્લોકબસ્ટર 'આરઆરઆર'ના હિટ ડાન્સ ગીત 'નાટુ નાટુ'એ પોતાની વિજયી કૂચ જારી રાખતા ઓસ્કાર 2023માં ઓરીજનલ સોંગ માટે પ્રતિષ્ઠિત નોમિનેશનમાં જગ્યા બનાવી છે, જ્યારે ભારતીય ડોક્યુમેન્ટરી 'ઓલ ધેટ બ્રીથ્સ' અને 'એલિફેન્ટ વ્હિસ્પર્સ'ને ક્રમશઃ ડોક્યુમેન્ટરી ફીચર અને ડોક્યુમેન્ટરી શોર્ટ વર્ગમાં નામાંકન મળ્યું છે.

આંતરરાષ્ટ્રીય ફિલ્મના વર્ગમાં ભારતની સત્તાવાર ફિલ્મ 'ધ લાસ્ટ શો' અંતિમ પાંચમાં જગ્યા બનાવવામાં નિષ્ફળ ગઈ હતી પણ ઉજવણી માટે ઘણા કારણો છે કારણ કે કદાચ આ પ્રથમ વખત છે કે દેશની 3 ફિલ્મો અલગ અલગ વર્ગમાં અંતિમ 5માં પહોંચી છે.

'નાટુ નાટુ'ની હરીફાઈ ટેલ ઈટ લાઈક અ વુમનના 'એપ્લોઝ', ટોપ ગનઃ માવરીકના 'હોલ્ડ માય હેન્ડ', બ્લેક પેન્થરઃ વાકાન્ડા ફોરએવરના 'લિફ્ટ મી અપ' અને એવરીથીંગ એવરીવ્હેર ઓલ એટ વન્સના 'ધીસ ઈઝ લાઈફ' ગીત સાથે થશે.

4.35 મિનટનું નાટુ નાટુ ડાન્સ નંબર દેશી સંગીતમાં આનંદની ભાવનાને દર્શાવે છે, તેનું સંગીત એમ એમ કીરવાનીએ આપ્યું છે અને તેની કોરિયોગ્રાફી પ્રેમ રક્ષિથે કરી છે, સોશિયલ મીડિયા પર કેટલાંક લોકો આ ગીતના ડાન્સ સ્ટેપની નકલ કરવાના પ્રયાસ કરે છે. કલા ભૈરવ અને રાહુલ સિપલીગુંજે આ ગીત ગાયું છે.

ફિલ્મના સત્તાવાર ટ્વીટર એકાઉન્ટથી પોસ્ટ કરાયું હતું, 'અમે ઈતિહાસ રચી દીધો!' સંગીતકાર કીરવાનીએ આખી ટીમને શુભકામના પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે આ મહિનાની શરૂઆતમાં ગીતને ગોલ્ડન ગ્લોબ પુરસ્કાર અને ક્રિટીક્સ ચોઈસ પુરસ્કાર મળ્યા હતા.

ઓલ ધેટ બ્રીથ્સની સ્પર્ધા 'ઓલ ધ બ્યુટી એન્ડ ધ બ્લડશેડ', 'ફાયર ઓફ લવ', 'અ હાઉસ મેડ ઓફ સ્પિલન્ટર્સ' અને 'નાવલ્ની' સાથે આ વર્ષની શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી માટે થશે.

...અનુસંધાન પાના 8 પર ➲

**ડોક્યુમેન્ટરીના** સ્ક્રીનીંગના વિરોધમાં ભાજપની યુવા પાંખે રાજ્યમાં વિવિધ સ્થળો પર પ્રદર્શન કર્યા

**એર્નાકુલમ** અને થિરૂવનંતપુરમમાં મંગળવારની સાંજે અમુક કોલેજોમાં ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનીંગ કરાયું

**એ કે** એન્ટોનીના પુત્રએ ડોક્યુમેન્ટરી દર્શાવવા સામે નારાજગી વ્યક્ત કરી

**થિરૂવનંતપુર, તા. 24 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયમાં 2002નાં ગુજરાત રમખાણો પર બનેલી બીબીસીની વિવાદાસ્પદ ડોક્યુમેન્ટરીને મંગળવારે કેરળમાં પ્રો-લેફ્ટ સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એસએફઆઈ) સહિત વિવિધ રાજકીય સંગઠનો દ્વારા દર્શાવવામાં આવી હતી જ્યારે ભાજપની યુવા પાંખે તેના સ્ક્રીનીંગના વિરોધમાં પ્રદર્શનો કર્યા હતા.

બીબીસની 'ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચન'નું સ્ક્રીનીંગ મંગળવારે રાજ્યના વિવિધ ભાગોમાં કરાયું હતું, તેના વિરોધમાં ભાજપના યુવા મોર્ચાએ માર્ચ કર્યું હતું.

રાજ્યની રાજધાની સહિત કેરળના કેટલાંક વિસ્તારોમાં તણાવ ફેલાયો હતો. થિરૂવનંતપુરમમાં પોલીસને યુવા મોર્ચાના પ્રદર્શનકારીઓને વિખેરવા પાણીનો મારો ચલાવવો

...અનુસંધાન પાના 8 પર ➲



## વિદ્યાર્થીઓના જૂથે હૈદરાબાદ યુનિવર્સિટીમાં બીબીસી ડોક્યુમેન્ટરી બતાવી

**યુનિવર્સિટીએ** હેવાલ મગાવ્યો

**હૈદરાબાદ, તા. 24 (PTI).** હૈદરાબાદ યુનિવર્સિટી (યુઓએચ)ના વિદ્યાર્થીઓના જૂથે પૂર્વ સૂચના કે પરવાનગી વિના તેના કેમ્પસમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પરની વિવાદાસ્પદ બીબીસી ડોક્યુમેન્ટરીના સ્ક્રીનિંગનું આયોજન કર્યું હતું. ત્યાર બાદ યુનિવર્સિટી સત્તાવાળાઓને જરૂરી પગલાં લેવા માટે ઘટના અંગે રિપોર્ટ માંગ્યો છે.

યુઓએચના રજિસ્ટ્રાર દેવેશ નિગમે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''યુઓએચ કેમ્પસમાં વિદ્યાર્થીઓના એક જૂથ ધ ફ્રેટરનિટી મૂવમેન્ટએ પૂર્વ સૂચના કે પરવાનગી વિના 21 જાન્યુઆરીએ વિવાદાસ્પદ બીબીસી ડોક્યુમેન્ટરી 'ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચન'ના સ્ક્રીનિંગનું આયોજન યુનિવર્સિટીના નોર્થ કેમ્પસમાં કર્યું હતું.'' નિયત પ્રક્રિયા મુજબ, યુનિવર્સિટી કેમ્પસમાં કોઈ કાર્યક્રમ યોજવા માંગતા વિદ્યાર્થી સંગઠને ડીન, વિદ્યાર્થી કલ્યાણ દ્વારા સત્તાધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવવી જરૂરી છે. રજિસ્ટ્રારએ જણાવ્યું હતું કે, ''આ કિસ્સામાં જોકે, કોઈ પૂર્વ પરવાનગી લેવામાં આવી ન હતી. જે હાલના ધોરણોનું ઉલ્લંઘન છે. ઘટના શાંતિપૂર્ણ રીતે પસાર થઈ હોવા છતાં યુનિવર્સિટીએ વધુ જરૂરી પગલાં લેવા માટે ઘટના અંગે સુરક્ષા પાંખ પાસેથી રિપોર્ટ માંગ્યો છે.'' રજિસ્ટ્રારે કહ્યું હતું કે, ડોક્યુમેન્ટરીના સ્ક્રીનિંગની માહિતી મળતાં જ સુરક્ષા ટીમ અને ડીન, સ્ટુડન્ટ્સ વેલફેર સ્થળ પર દોડી ગયા હતા અને આયોજકોને ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનિંગ અટકાવવા વિનંતી કરી હતી. જોકે, આયોજકોએ આ વિનંતીને સ્વીકારી ન હતી અને થોડા વિદ્યાર્થીઓની હાજરીમાં ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનિંગ ચાલુ રાખ્યું હતું, દેવેશ નિગમે વધુમાં કહ્યું હતું કે, કોઈ અપ્રિય ઘટના બની નથી અને કેમ્પસ શાંત અને શાંતિપૂર્ણ છે. અગાઉ, યુઓએચ

...અનુસંધાન પાના 8 પર ➲

## નેપાળમાં 5.9નો ભૂકંપ, ઉત્તર-પશ્ચિમ ભારતમાં પણ આંચકા અનુભવાયા



**નેપાળમાં** ભૂકંપથી 1નું મોત, ઘણાં મકાનોને નુકસાન

**કાઠમંડુ, તા. 24 (PTI).** અધિકારીઓએ જણાવ્યું હતું કે, મંગળવારે પશ્ચિમ નેપાળના દૂરના પર્વતીય જિલ્લાઓમાં 5.9ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને આ પ્રદેશમાં ડઝનેક મકાનોને નુકસાન થયું હતું. સુદુરપશ્ચિમ પ્રાંતના બાજુરા જિલ્લાના મેલા વિસ્તારમાં કેન્દ્રબિંદુ ધરાવતો ભૂકંપ સ્થાનિક સમયાનુસાર બપોરે 2:43 વાગ્યે આ પ્રદેશમાં આવ્યો હતો. એમ ભૂકંપ માપન અને સંશોધન કેન્દ્રના વડા લોક બિજય અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, કાઠમંડુથી 450 કિમી પશ્ચિમમાં

...અનુસંધાન પાના 8 પર ➲

### દિલ્હી-ઉત્તરાખંડ, હરિયાણા, રાજસ્થાનમાં પણ આંચકા અનુભવાયા

**નેપાળમાં** મંગળવારે બપોરે 5.9ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને દિલ્હી અને જયપુર સહિત ભારતના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં પણ આંચકા અનુભવાયા હતા.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું હતું કે, ભૂકંપ

...અનુસંધાન પાના 8 પર ➲

## દિલ્હી ડાયરી



### દેશના ગ્રામીણ અર્થતંત્રમાં પરિવર્તન

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયે તાજેતરમાં જ દેશના ગ્રામીણ અર્થતંત્રમાં પરિવર્તન લાવી શકે તે માટે જનતાના સભ્યોના વિચારો, ઉકેલો અને પગલાંઓને આમંત્રિત કરવા માટે એક અનોખો પડકાર શરૂ કર્યો છે. આ કૃષિ અર્થવ્યવસ્થાને વેગ આપવાની સરકારની યોજનાઓના સંબંધમાં છે, જે ગ્રામીણ અર્થતંત્રનો એક મોટો ઘટક છે. 'પ્રજ્જવાલા' નામ આપવામાં આવેલ ચેલેન્જને ગ્રામીણ વિકાસ સચિવ શૈલેષ કુમાર સિંહ દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ પગલાનો ઉદ્દેશ્ય વ્યક્તિઓ, સામાજિક સાહસો, સ્ટાર્ટ-અપ્સ, ખાનગી ક્ષેત્ર, નાગરિક સમાજ અને સમુદાય-આધારિત સંગઠનો પાસેથી વિચારો પ્રાપ્ત કરવાનો છે, જેઓ ગ્રામીણ અર્થતંત્રમાં પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે. આ વિષયને લગતા સૂચનો અને નવા વિચારો આપવા માટે રસ ધરાવતા લોકોએ 31 જાન્યુઆરી, 2023 સુધી તેમની દરખાસ્તો મોકલવાની રહેશે. આ યોજના પસંદ કરેલ એન્ટ્રીઓ માટે પ્રોત્સાહનોના સંદર્ભમાં આકર્ષણ ધરાવે છે.

...અનુસંધાન પાના 8 પર ➲

## પેરિસ-નવી દિલ્હી ફ્લાઇટમાં ગેરવર્તણૂકની બે ઘટનામાં ડીજીસીએએ એર ઇન્ડિયા પર રૂ. 10 લાખનો દંડ ફટકાર્યો

**નવી દિલ્હી, તા. 24 (PTI).** એવિએશન રેગ્યુલેટર ડીજીસીએએ મંગળવારે એર ઇન્ડિયા પર ગયા વર્ષે ડિસેમ્બરમાં પેરિસ-નવી દિલ્હી ફ્લાઈટમાં બે અશાંત મુસાફરોના વર્તનની બે ઘટનાઓની જાણ ન કરવા બદલ 10 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

એક અઠવાડિયા કરતાં પણ ઓછા સમયમાં આ બીજી વખત છે કે જ્યારે વોચડોગે બેકાબૂ મુસાફરોની વર્તણૂકના સંબંધમાં એરલાઈન સામે અમલીકરણની કાર્યવાહી કરી છે.

મંગળવારે એક નિવેદનમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ જણાવ્યું હતું કે, પેરિસથી નવી દિલ્હી જતી AI-142 ફ્લાઈટમાં 6 ડિસેમ્બર, 2022ના રોજ પેસેન્જર સાથે દુર્વ્યવહારની ઘટનાઓ બની હતી. તે આ મહિને જ નિયમનકારના ધ્યાન પર આવી હતી.

નશામાં ધૂત એક પેસેન્જર શૌચાલયમાં ધૂમ્રપાન કરતો પકડાયો હતો અને ક્રૂની સૂચનાઓનું પાલન કરતો ન હતો અને અન્ય મુસાફરે કથિત રીતે ખાલી સીટ અને સાથી મહિલા મુસાફરનો ધાબળો લઈ લીધા જ્યારે તેણી શૌચાલયમાં ગઈ હતી. નિવેદનમાં જણાવ્યું હતું કે, ''ડીજીસીએને ઘટનાની જાણ ન કરવા

...અનુસંધાન પાના 8 પર ➲

### એર ઈન્ડિયાએ ફ્લાઈટની અંદર દારૂ પીરસવાની નીતિમાં સુધારો કર્યો

**નવી દિલ્હી.** હાલમાં જ મુસાફરો દ્વારા તોફાની વ્યવહાર કરાયો હોવાના પગલે એર ઈન્ડિયાએ તેની ફ્લાઈટની અંદર દારૂ પીરસવાની સેવામાં સુધારો કર્યો હતો હવે કેબિન ક્રૂ જો જરૂર પડે તો આદરપૂર્વક વધુ દારૂ પીરસવાથી ઈન્કાર કરી શકશે. બે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સમાં મુસાફરોએ ગેરવર્તણૂક કરી હતી તેના સંબંધમાં ડીજીસીએ દ્વારા ટાટા સમૂહની માલિકીની એરલાઈન્સ

...અનુસંધાન પાના 8 પર ➲

## કોલેજિયમે રો અને IBના અહેવાલોને સાર્વજનિક કર્યા એ ગંભીર ચિંતાનો વિષય છે: કાયદામંત્રી રિજિજુ

**નવી દિલ્હી, તા. 24 (PTI).** કેન્દ્રીય કાયદામંત્રી કિરેન રિજિજુએ મંગળવારે જણાવ્યું હતું કે, ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી) અને રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (રો)ના સંવેદનશીલ અહેવાલોના અમુક ભાગોને સુપ્રીમ કોર્ટના કોલેજિયમ દ્વારા જાહેર કરવામાં આવ્યા તે ગંભીર ચિંતાનો વિષય છે

કિરેન રિજિજુએ કહ્યું હતું કે, ગુપ્તચર એજન્સીના અધિકારીઓ રાષ્ટ્ર માટે ગુપ્ત રીતે કામ કરે છે અને જો તેમના અહેવાલો જાહેર કરવામાં આવશે તો તેઓ ભવિષ્યમાં બે વાર વિચારશે. રિજિજુએ કહ્યું હતું કે, તેની અસર પડશે. મંત્રી કેટલાક તાજેતરના સુપ્રીમ કોર્ટના કોલેજિયમના ઠરાવો



પરના પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા, જેમાં ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશો તરીકે નિમણૂક માટે સુપ્રીમ કોર્ટ દ્વારા પુનરાવર્તિત અમુક નામો પરના આઈબી અને રો અહેવાલોના ભાગ હતા, જે ગયા અઠવાડિયે જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રથમ વખત છે કે સરકારે સુપ્રીમ કોર્ટ કોલેજિયમ દ્વારા જાહેર ડોમેનમાં મૂકવામાં આવેલા આ અહેવાલોના ભાગો પર પ્રતિક્રિયા આપી છે. કોલેજિયમે આ મહિનાની શરૂઆતમાં ઈન્ટેલિજન્સ ઈનપુટ્સને નકારીને સરકારને નામો પુનરાવર્તિત કર્યાં હતાં. રિજિજુએ અહીં કાયદા મંત્રાલયના એક કાર્યક્રમમાં પત્રકારોને જણાવ્યું હતું કે, ''રો અને આઈબીના સંવેદનશીલ અથવા ગુપ્ત અહેવાલોને સાર્વજનિક ડોમેનમાં મૂકવા એ ગંભીર ચિંતાનો વિષય છે, જેના પર હું યોગ્ય સમયે પ્રતિક્રિયા આપીશ. આજે યોગ્ય સમય નથી.''

...અનુસંધાન પાના 8 પર ➲

તા. ૨૪-૦૧-૨૦૨૩નું સુરત શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૬.૦° સે. | ૧૪.૦° સે. | ૪૪% |




